Process Safety **Beacon**

CCPS CENTER FOR CHEMICAL PROCESS SAFETY

An AIChE Industry Technology Alliance

http://www.aiche.org/CCPS/Publications/Beacon/index.aspx

**ઉત્પાદન પ્રક્રિયામાં સંકળાયેલા વ્યક્તિઓ માટે સંદેશો**

**Sponsored by CCPS Supporters**

# પ્રક્રિયા સુરક્ષા પરર્ફોમન્સની માપણી

**ઓગસ્ટ – ૨૦૦૮**




બીકનના જુલાઈ ૨૦૦૮ના અંકમાં આપણે પ્રક્રિયા સુરક્ષાનો અર્થ જાણ્યો, તથા એ પણ કહ્યું કે સામાન્ય રીતે સુરક્ષા પરર્ફોમન્સ માટે વપરાતા ઈજાનો આંકડો, ઈજાથી ગુમાવાતો સમયનો રેકોર્ડ, વિગેરે આપણે પ્રક્રિયા સુરક્ષા ઉપર કેવું કામ કરી રહ્યા છે તે માપવા માટે બરોબર નથી તો પછી આપણે આપણી પ્રક્રિયા સુરક્ષા વ્યવસ્થાપન પ્રવૃત્તિઓની અસરકારકતા કેવી રીતે જાણી શકીએ ? આપણે એવું કેવી રીતે કહી શકીએ કે આપણુ પરર્ફોમન્સ વર્ષો વર્ષ સુધરી રહ્યું છે ? આપણે એ કેવી રીતે જાણી શકીએ કે એક પ્લાન્ટ અથવા એક પ્લાન્ટના એક ભાગનું પરર્ફોમન્સ બીજા કરતાં બહેતર છે ? આપણે કેવી રીતે જાણી શકીએ કે આપણે ક્યાં ધ્યાન આપીશું તો સારું પરિણામ મળશે ? જો સામાન્ય રીતે વપરાતી સુરક્ષા વ્યવસ્થાપન પદ્ધતિઓ જો પ્રક્રિયા સુરક્ષાના પરર્ફોમન્સ માપવા માટે બરાબર નથી તો આપણે નવી પદ્ધતિઓ શોધવી જરૂરી છે.

ઘણા બધા ઔદ્યોગિક ગૃહોએ જેમાં સીસીપીએસ પણ સામેલ છે, પ્રોસેસ સુરક્ષાનું પરર્ફોમન્સ માપવા માટે નવી પદ્ધતિ બનાવવા પાછળ લાગી ગયુ છે. પરંતુ આ સાધનો ત્યારે જ અસરકારક કામ કરી શકે જ્યારે પ્રોસેસ સુરક્ષા સાથે સંકળાયેલા બધા જ વ્યકિતઓ સમજે કે આ સાધનો શું છે ? અને તેની શી જરૂરીઆત છે. આ બધાં કરતાં વધારે મહત્વનું એ છે કે આપણે બધાએ આ નવા પ્રકારની સુરક્ષા વ્યવસ્થાની માપણીમાં પોતાનો રોલ શો છે. એ પણ જાણવું જરૂરી છે કે કેવા પ્રકારની પ્રવૃત્તિઓનું રીપોર્ટીંગ કરવું અને આપણી સંસ્થામાં પ્રવૃત્તિઓનું રીપોર્ટીંગ કેવી રીતે કરવુ.

## શું તમે જાણો છો ?

•સીસીપીએસએ ઘણા બધાં ઔદ્યોગિક ગૃહો, સરકાર, કામદારો અને સરકારી સંસ્થાઓ સાથે કામ કરીને, પ્રક્રિયા સુરક્ષાને માપણી કરવા માટેના સાધનો વિકસાવ્યા છે. વિશિષ્ટ માપણી માટેના સાધનોનો અહેવાલ ડીસેમ્બર ૨૦૦૭ માં બહાર પાડવામાં આવ્યો હતો. જે સીસીપીએસની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે http://www.aiche.org/ccps/.

•બે જાતના માપ રજુ કર્યા: “લેગીંગ ઈન્ડીકેટર” જે અત્યારનુ સાચુ પરીણામ અને ભુતકાળના પર્ફોમન્સ (પ્રક્રિયા સુરક્ષા ને લગતા થયેલા અકસ્માત ના આંકડા) નુ માપ આપશે અને “લીડીંગ ઈન્ડીકેટર” જે પ્રોસેસ સુરક્ષાની પ્રવૃત્તિઓ માપશે અને તે ભવિષ્યના પર્ફોમન્સને ભાખવા માટે ઊપયોગી છે એવું માનવામાં આવે છે.

•લેગીંગ ઈન્ડીકેટરો ઉ.દા. તરીકે પ્લાન્ટ ઈકવીપમેન્ટમાંથી જોખમી પદાર્થ કે એર્નજીના બનાવો ના આંકડા, આગ અને વિસ્ફોટ તથા પ્રોસેસ સાથે સંકળાયેલ ઈજાઓ માપશે.

•લીડીંગ ઈન્ડીકેટરો, ઉદાહરણ તરીકે પ્લાન્ટ મીકેનીકલ ઈંટીગ્રેટી, પગલા લેનાર આઈટમો નું ફોલોઅપ, વ્યવસ્થાપકીય બદલાવ અને પ્રક્રિયા સુરક્ષા તાલીમ ની માપણી કરશે.

## તમે શું કરી શકો ?

• તમારી કંપની પ્રોસેસ સુરક્ષા પર્ફોમન્સ માપવા માટે શું કરી રહી છે તે જાણો. તમારી કંપની જે ચોકકસ પગલા લઈ રહી છે તે શીખો અને સમજો.

• તમારી કંપનીના પ્રક્રિયા સુરક્ષા માપક પ્રોગ્રામને અનુસરીને કેવા પ્રકારના અકસ્માતોનુ રીપોર્ટીંગ કરવુ પડશે તે જાણો.

• તમારા પ્લાન્ટ પ્રોસેસ સુરક્ષા અકસ્માતનું રીપોર્ટ કેવી રીતે કરવું તેની જાણકારી રાખો.

•અકસ્માતનુ રીપોર્ટીંગ ધ્યાનપુર્વક કરો. યાદ રાખોકે જ્યાં સુધી કંપની, પ્લાન્ટમાં બનતા અકસ્માતો વિશે જાણશે નહી ત્યાં સુધી તે પ્રોસેસ સુરક્ષામાં સુધારો લાવી શકે નહી.

• તમારા પ્લાન્ટમાં પ્રોસેસ સુરક્ષા આગળ વધનારા ઈન્ડીકેટરો અને તેના રીપોર્ટીંગ વિશે જાણો.

• સીસીપીએસના પ્રોસેસ સુરક્ષા પર્ફોમન્સ વિશેનો રીપોર્ટ ડાઉનલોડ કરો અને વાંચો.

**તમારી સંસ્થા પ્રક્રિયા સુરક્ષા પર્ફોમન્સ કેવી રીતે માપે છે ?**

AIChE © 2008. All rights reserved. Reproduction for non-commercial, educational purposes is encouraged. However, reproduction for the purpose of resale by anyone other than CCPS is strictly prohibited. Contact us at ccps_beacon@aiche.org or 212-591-7319

**The Beacon is usually available in Afrikaans, Arabic, Chinese, Danish, Dutch, English, French, German, Gujarati, Hebrew, Hindi, Hungarian, Indonesian, Italian, Japanese, Korean, Malay, Marathi, Persian, Polish, Portuguese, Russian, Spanish, Swedish, Tamil, Thai, Turkish, and Vietnamese.**